### ચૂંટણી આવતાં કોરોનાએ ઉચાળા ભર્યા

# અરવલ્લીના વાત્રક અને મોડાસાની કોવિડ હોસ્પિટલ બંધ કરવાનો નિર્ણય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

અરવલ્લી જિલ્લામાં કોરોના બેકાબુ બનતાં અરવલ્લીના વાત્રક અને મોડાસાની કોવિડ હોસ્પિટલમાં ૩૦૦ બેડની કોવિડ હોસ્પિટલ શરૂ કરવામાં આવી હતી. બંન્ને ગ્રાન્ટ આધારીત હોસ્પિટલમાં ઉત્તમ સેવાથી દર્દીઓ અને તેમના સગા પ્રભાવિત થયા હતા પરંતુ કોરોનાનું સંક્રમણ ઘટતાં અને હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જાહેર થતાં જિલ્લામાંથી કોરોનાએ ઉચાળા ભર્યા હોય તેવા આંકડા બહાર આવ્યા છે. જેથી તંત્રએ પણ રાજ્યમાં ગ્રાન્ટ આધારીત હોસ્પિટલો સાથે કોરોનાના એમ.ઓ.યુ. કર્યા હતા તે ૩૧ જાન્યુઆરીએ સમાપ્ત કરતાં વાત્રક અને મોડાસાની કોવિડ હોસ્પિટલ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. વાત્રક હોસ્પિટલમાં કોરોના સારવાર બંધ થતાં હવે અન્ય દર્દીઓને વધુ સારવાર ઘરઆંગણે પ્રાપ્ત થઈ શકે છે.

### ગ્રાન્ટ આધારીત હોસ્પિટલમાં કોરોનાની સારવાર બંધ કરાઈ : તંત્ર

કોરોનાએ જિલ્લાના સેંકડો લોકોને સંક્રમિત કર્યા હતા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાતા આંકડા સામે શંકાઓ પણ વ્યક્ત થઈ હતી પરંતુ વાત્રક ખાતેની કોવિડ હોસ્પિટલમાં ડૉ.મેહૂલ શાહ અને તેમની ટીમે પોતાના જીવની પરવા કર્યા વગર અરવલ્લી જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાના કોરોનાના દર્દીઓની સેવા કરી હતી. વાત્રકની કોવિડ હોસ્પિટલની સારી સારવારની રાજ્યના આરોગ્ય વિભાગે પણ નોંધ લીધી હતી તે જ રીતે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં પણ દર્દીઓને મળેલી કોવિડની સારવારની સમગ્ર જિલ્લામાં પ્રસંશા થઈ રહી છે.

કોરોનાના કેસ ઘટતાં કોવિડ હોસ્પિટલો કે જે એમ.ઓ. યુ. આધારીત હતી તે તબક્કાવાર બંધ કરવાનો રાજ્યના આરોગ્ય કમિશનર દ્વારા નિર્ણય લેવાયો છે. જેથી તા.૧ ફેબ્રુઆરીથી વાત્રક અને મોડાસાની કોવિડ હોસ્પિટલ બંધ કરવામાં આવી છે.

## ગંદકીથી સ્વચ્છતા અભિયાનને ટૂંપો, મોડાસાના હંગામી ડેપોમાં નર્કાગારની સ્થિતિ

**પ્લેટફોર્મ મળમૂત્રના ગંદા પાણીથી રેલમછેલ, દુર્ગંધથી મુસાફરો ત્રાસ્યા**

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૦૧

મોડાસાના હંગામી એસ.ટી. બસ ડેપોમાં શૌચાલયનો કૂવો ઉભરાતાં મળમૂત્રની દુર્ગંધથી મુસાફરો ત્રાહીમામ પોકારી ગયા છે. એસ.ટી. પ્લેટફોર્મ ઉપર મળમૂત્રનું ગંદુ પાણી ફરી વળતાં માથું ફાટી જાય તેવી દુર્ગંધ પ્રસરી રહી છે. મુસાફરોએ બસમાં બેસવા જવું હોય તો પણ ગંદા પાણીમાંથી પસાર થવું પડતું હોવાથી એસ.ટી. ડેપોના જવાબદારો સામે જબ્બર આક્રોશ પ્રવર્તિ રહ્યો છે. વારંવાર બસ ડેપોમાં શૌચાલયનો કૂવો ઉભરાતાં સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડી રહ્યા છે છતાં મોડાસા ડેપો મેનેજરે કાયમી ઉકેલ શોધ્યો ન હોવાથી નર્કાગારની સ્થિતિ ઉભી થઈ છે. મોડાસા એસ.ટી. ડેપો મેનેજર એચ.આર.પટેલનો સંપર્ક કરતાં શોષ ખાડો ભરાયા પછી ટેન્કરથી ખાલી કરવામાં આવતો હોવાથી ગંદકી ફેલાઈ હોવાનો લૂલો બચાવ કરવામાં આવ્યો છે.

જિલ્લાના વડામથકમાં હંગામી એસ.ટી. ડેપો શરૂ કરવામાં આવ્યો છે ત્યારથી મુસાફરોને અનેક પ્રકારની અગવડતાઓનો સામનો કરવો પડે છે. કરોડોના ખર્ચે આધુનિક સગવડ સાથેનો બસ પોર્ટ મોડાસામાં આકાર લઈ રહ્યું છે અને તેનો વિવાદ ચાલે છે તેની સાથે હંગામી એસ.ટી. ડેપો પણ સતત વિવાદોમાં ઘેરાયો છે.

એસ.ટી. બસ મથકમાં સ્વચ્છતા અભિયાનને ગળે ટૂંપો અપાયો હોય તેવું ઠેકઠેકાણે દેખાઈ રહ્યું છે તેમાંય શૌચાલયનો કૂવો વારંવાર મળમૂત્રથી ઉભરાઈ જતો હોવાથી બસ મથકમાં પારાવાર ગંદકી ફેલાઈ છે. અત્યાર સુધીમાં બે ડેપો મેનેજર બદલાઈ ગયા હોવા છતાં ગંદકીનો કોઈ ઉકેલ શોધી શકાયો ન હોવાથી મુસાફર જનતા તોબાહ પોકારી ઉઠી છે. છેલ્લા બે દિવસથી બસ ડેપોમાં શૌચકૂવો ઉભરાયા પછી મળમૂત્રનું ગંદુ પાણી પ્લેટફોર્મ ઉપર ફરી વળતાં મુસાફરોને ફરજીયાત દુર્ગંધથી નાક દબાવવાનો વારો આવ્યો છે. એસ.ટી. ડેપોના મેનેજર રોજ આમ થી તેમ આંટાફેરા કરતા હોવા છતાં આશ્ચર્ય વચ્ચે પ્લેટફોર્મપર ફેલાતી ગંદકી તેમના નજરમાં આવતી ન હોવાથી મુસાફરોનો આક્રોશ જાહેરમાં આવે તેવી સંભાવના છે.



## ચૂંટણી જંગ : જિલ્લામાં વૃદ્ધ ભાજપના ઉમેદવારોને ટીકીટ નહીં આપવાના નિર્ણયથી યુવા ઉમેદવારો ઘેલમાં

**જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ૨૦ થી વધુ નવા ચહેરાને તક મળી શકે છે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

પ્રદેશ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડ દ્વારા ટીકીટ ફાળવણી માટે માપદંડ જાહેર થયા છે જેમાં સતત ૩ ટર્મ પૂરી કરી હોય તેવા ઉમેદવારો અને ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા ઉમેદવારોને ટીકીટ નહીં આપવાનો નિર્ણય કરાતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના યુવા ઉમેદવારો ઘેલમાં આવી ગયા છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં પાર્લામેન્ટ્રી બોર્ડના નવા નિયમથી ૨૦ થી વધુ નવા ચહેરાઓને તક મળી શકે છે.

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના અનેક હિંમતવાન નિર્ણયોની પ્રસંશા થઈ રહી છે. જે રીતે પેજ પ્રમુખ અને સમિતિના કામ ઝડપથી ભાજપ સંગઠને પૂરા કર્યા તેના કારણે સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ અગાઉ માહોલ ઉભો થયો છે. જ્યારે અનેક યુવા ભાજપના કાર્યકરો સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ઝંપલાવી ભવિષ્યમાં ભાજપને વધુ મજબૂત બનાવે તેવા ઈરાદા નવા પ્રદેશ પ્રમુખ અને તેમની ટીમે અમલમાં મૂકવાની શરૂઆત કરી છે. મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી અગાઉ પાર્લામેન્ટ્રી બોર્ડે ટીકીટ આપવા માટેના કેટલાક માપદંડો જાહેર કર્યા છે.

જેમાં સગાવાદ ઉપર પૂર્ણવિરામ મૂકવામાં આવ્યું છે. જ્યારે વર્ષોથી જે તે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના વોર્ડમાં ચૂંટાઈને અન્ય કાર્યકરોને સ્થાન મળતું નથી તેવા કાર્યકરોને પ્રતિનિધિત્વની તક મળે તે માટે સતત ૩ ટર્મ ચૂંટાનારા ઉમેદવારોને પણ મેદાનમાં નહીં ઉતારવાનો નિર્ણય કરાયો છે આ જોતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં કેટલાક ઉમેદવારો નામ જાહેર થાય તે અગાઉ જ રેસમાંથી બહાર થયા છે. જ્યારે જિલ્લા ભાજપ સંગઠન સૂત્રોનો સંપર્ક કરતાં તેમની પાસે આવી કોઈ જાણકારી પ્રદેશ કક્ષાએથી મળી ન હોવાનું જણાવ્યું છે.

### સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી : અરવલ્લીમાં કંટ્રોલ રૂમ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

અરવલ્લી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને બે નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાવવાની છે ત્યારે આચારસંહિતાનો ભંગ થતો હોય તો તેની જાણકારી કંટ્રોલ રૂમને મક્ષી રહે તે માટે કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે.

જિલ્લા કક્ષાએ દિવસ-રાત કાર્યરત કરવામાં આવેલા કંટ્રોલ રૂમમાં મફતી ફરિયાદોનો ઝડપથી અને અસરકારક નિકાલ આવે તે માટે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. અરવલ્લીના નાગરિકોને ચૂંટણીલક્ષી ફરિયાદ હોય તો ૧૮૦૦-૨૩૩-૦૦૬૦ નિઃશુલ્ક હેલ્પલાઈન નંબર છે જેના ઉપર સંપર્ક કરીને કોઈપણ નાગરિક ચૂંટણલક્ષી ફરિયાદ નોંધાવી શકે છે.

## ચક દે અરવલ્લી : અરવલ્લીના બાળ વૈજ્ઞાનિકોની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

શિક્ષણનગરી મોડાસાની જે.બી.શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કુલ-મોડાસામાં ધો.૯ માં અભ્યાસ કરતા બાળ વૈજ્ઞાનિક શ્રીપાલ માલવ ચંદ્રેશભાઈ રાજ્ય કક્ષાએ મેન્યુફેક્ચર બ્રિક્સ વીથ ઈજી મેથડ પર ઓનલાઈન પ્રેઝન્ટેશન કર્યું હતું જેમાં પર્યાવરણનો બચાવ થઈ શકે તેવા પ્રોજેક્ટની રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી થતાં સમગ્ર મોડાસા શહેર સહિત અરવલ્લી જિલ્લાની પ્રજાએ બાળ વૈજ્ઞાનિક ઉપર અભિનંદન વર્ષા શરૂ કરી છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લાની અનેક શાળાઓના વિદ્યાર્થીઓ અને ખેલાડીઓએ જિલ્લાનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ગુંજતું કર્યું છે. મોડાસાની જે.બી.શાહ ઈંગ્લિશ મીડીયમ સ્કુલના ધો.૯ ના છાત્રએ ૨૮મી નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસની રાજ્ય કક્ષાએ બાળ વૈજ્ઞાનિકની ઓનલાઈન હરીફાઈમાં ભાગ લીધો હતો.

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગાંધીનગર દ્વારા આયોજીત કરવામાં આવેલા આ કાર્યક્રમમાં મોડાસાની ઈંગ્લિશ મીડીયમ સ્કુલના છાત્રએ પોતાનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો જેની પસંદગી થતાં હવે આગામી દિવસોમાં રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ કરવા માલવ શ્રીપાલ પસંદ થયો છે જેને કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, પ્રભારી મંત્રી સુરેન્દ્રભાઈ શાહ, પ્રિન્સિપાલ દિપક મોદી સહિત શાળા પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

## લોભીયા છેતરાયા : હિંમતનગરમાં લોભામણી સ્કીમોમાં લોકોના ૧.૩૦ કરોડ ઓહીયા થયા



SUNSHINE HI-TECH INFRACON LIMITED

(Incorporated under the Companies Act, 1956)

Regd. Office : 403, Unique Tower, Opp. Hotel Surya, Sayajigunj, Vadodara 390 005. (Gujarat)

DEBENTURE CERTIFICATE B

(SUNSHINE HI - TECH SERIES B)

Issue of 5000 Unsecured Redeemable Debentures of Rs. 1000/- each at par of the aggregate nominal value of Rs. 50,00,000/- (Rupees Fifty Lakhs) on private placement basis, carrying interest as mentioned overleaf, under the authority of the resolution passed by the Board of Directors on 14/04/2012, pursuant to the powers vested in the company and the Board of Directors as per the provisions of the Companies Act, 1956 and the Memorandum & Articles of Association of the Company

Fully paid Debentures of Rs. 1000/- each

This is to certify that the person(s) named in this certificate of the last transferee(s) is/are duly recorded in the Memorandum of Transfers on the reverse hereof is/are the holder(s) of the within-mentioned Debentures subject to the Memorandum and Articles of Association of the company and the Terms and conditions hereinafter set out which are deemed to be part hereof for all purposes and to all intents

Maturity 60 Months — Maturity value per Unsecured Redeemable Debentures Rs.70000.00/-

Redemption Date: 30/11/2018

Effective Date: 30/11/2013

Regd. Folio No. D363888422 — Certificate No.: 041F20113902

D.O.C. S/o., W/o., H/o.

Name(s) of the holder(s) MR.CHAUHAN LAKSHMAN AT.NADARI PETHAPUR PO.HAJIPUR TEH.HIMMAT

No. of Debentures: 35 — Guardian Name : MR.KODAR SINH

Total Face Value (Rs.) Rs.35000.00/-

Redemption Value (Rs.) Rs.70000.00/- — Nominee: SMR.BHIKHI BA

Policy Holder Age : 58 — WIFE

Distinctive No(s) 01113793 To 1113827

This Unsecured Redeemable Debentures are issued subject to and with the benefit fo the Terms and Conditions endorsed hereon which shall be binding on the Company, the debenture holders and all persons claiming by, through or under any of them. The Company hereby agrees and undertakes to duly and punctually pay, observe and perform the terms and Conditions endorsed hereon.

Given at Vadodara under the C... the Company, this 30 day Nov month of 2013 year

Received the sum mentio... herein and promise to pay the same on maturity

Director — Director — Authorised Signatory

Branch :SALUMBAR 7085/1

Agent :-022001013 -022001012-001000001

હિંમતનગર, બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

હિંમતનગરમાં લોભામણી સ્કીમોમાં લોકોને લલચાવી રૂા.૧,૩૦,૯૬,૦૫૦ની છેતરપીંડી આચરાતાં બી-ડીવીઝન પોલીસે છેલ્લા ૮ વર્ષ દરમ્યાન છેતરપીંડી આચરનારી ગેંગની મહિલા સહિત આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### બી-ડીવીઝન પોલીસે ખેડબ્રહ્માની મહિલા સહિત આરોપીઓ સામે ગુનો નોંધ્યો

**આરોપીઓ..**

રમેશચંદ્ર ગણપતભાઈ નાયક, રહે.સેમલખાડી, મધ્યપ્રદેશ
કિશનલાલ બંસરામ મેરાવત, રહે.રાઠધનરાજ, રાજસ્થાન
સીમાબેન કોદરભાઈ પટેલ, રહે.પટેલ ફળી, ખેડબ્રહ્મા
વિભૂતિ ગેહલોત, રહે.સાંધવા, મધ્યપ્રદેશ
પરમાનંદ છગનલાલ પ્રજાપતિ, રાણાપુર, મધ્યપ્રદેશ
દિનેશ વિલાભૂરીયા, રહે.ગતાડ, મધ્યપ્રદેશ
તથા સનસાઈન હાઈટેક ઈન્ફાક્રો લી.ના હોદ્દેદારો.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત જાણકારી અનુસાર હિંમતનગરમાં સનસાઈન હાઈટેક ઈન્ફાક્રો લી.નામની કંપનીએ તેની શાખામાં બચતનાં નાણાં ભરવા માટે લોકોને આકર્ષવાની શરૂઆત કરી હતી. લોભામણી સ્કીમોથી અંજાઈ જઈને અનેક લોભીયા લોકોએ પોતાની પરસેવાની કમાણીનું તેમાં રોકાણ કર્યું પરંતુ કંપની ઉપર મૂકેલો આંધળો વિશ્વાસ ભારે પડ્યો જેમાં છેતરાયેલા હિંમતનગર તાલુકાના નાદરી-પેથાપુર ગામના ઈસમે લોભામણી સ્કીમોની જાહેરાત આપી વ્યાજનાં નાણાં પરત નહીં કરનાર અને એજન્ટો, ગ્રાહકો પાસેથી રૂા.૧.૩૦ કરોડથી વધુની રકમ મેળવી ગ્રાહકોને સર્ટીફીકેટ આપી પાકતી મુદતે નાણાં પરત ન આપતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

જોકે એજન્ટોએ કંપનીના મેનેજર સમક્ષ સ્ટાફને રજુઆત પણ કરાઈ હતી. જેમાં મેનેજરના જણાવાયા મુજબ સનસાઈન કંપનીના બે ડાયરેક્ટરો કંપનીના કેસમાં મધ્ય પ્રદેશની જેલમાં હોવાનું જણાયુ હતું. ત્યારબાદ એજન્ટ માલસિંહ સહિત ૧૮ એજન્ટોએ ગ્રાહકો સાથે અંદાજે??.૧.૩૦ કરોડથી વધુની ઠગાઈ કરનાર છ ડાયરેક્ટરો વિરૂધ્ધ રવિવારે હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ઈપીકો કલમ ૪૦૦, ૪૦૯, ૪૨૦, ૧૨૦-બી, ૩૪ અને ગુજરાત પ્રોટકશન ઓફ ઈન્ટ્રેસ્ટ એક્ટની વિવિધ કલમો મુજબ ફરીયાદ નોધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



### ટીંટીસરના કાશી વિશ્વનાથ મંદિરમાં ગાયત્રી યજ્ઞ યોજાયો

મોડાસા તાલુકાના ટીંટીસર (સજાપુર) ગામે કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં રવિવારે સંતો મહંતો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં ગાયત્રી યજ્ઞ આસ્થા સાથે યોજાઈ ગયો. બ્રહ્મલીન મહંત પૂજ્ય વિશ્વેસરાનંદ સરસ્વતીના સૂક્ષ્મ આશીર્વાદથી પૂજ્ય સ્વામી નિશ્ચલચેતન સ્વામીએ ૨૪ લાખ ગાયત્રી મંત્ર અનુષ્ઠાન પૂર્ણ કરતાં પૂજ્ય નિજાનંદ સ્વામીના આશીર્વાદથી યજ્ઞનું મંદિર પરીસરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટીંટીસર, સજાપુરના ગ્રામજનો સાથે સરડોઈ વિસ્તારના ભામાશા તરીકે ઓળખાતા ઈશ્વરભાઈ ભાવસાર, કમલેશભાઈ પંડ્યા, રતિલાલ પટેલ, જીતેન્દ્રસિંહ રાઠોડ વગેરેનો સહયોગ મળ્યો હતો. યજ્ઞના આચાર્ય પદે હસમુખભાઈ ગોરે વૈદીક મંત્રોચ્ચાર સાથે યજ્ઞ અને ગાયત્રી અનુષ્ઠાનની પૂર્ણાહૂતિ કરાવી હતી.

## વડગામ તાલુકાના પેપોળમાં સરકારી માધ્યમિક શાળા શરૂ : ધોરણ-૯મા ૩૩ માંથી ૨૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા

વડગામ,

વડગામ તાલુકાના પેપોળ ગામમાં વર્ષોની માંગણી સંતોષાતા ગ્રામજનોમાં આનંદ છવાયો છે. ગામલોકો ની વર્ષોથી ગામમાં સરકારી હાઈસ્કૂલ ફાળવવા માંગ ઉઠી હતી.

જેમા સરકાર દ્વારા પેપોળમા સરકાર માધ્યમિક શાળા મંજૂર કરીને નવા સત્રથી ધોરણ ૯ નો ક્લાસ શરૂ કરવાનો હતો પરંતુ કોરોનાની મહામારી ને લઈને શાળાઓ બંધ કરાતા પેપોળમા સરકારી માધ્યમિક નવિન શાળામાં ૯ ધોરણનો ક્લાસ સ્થગીત રહેવા પામ્યો હતો.જે સરકાર દ્વારા સોમવાર થી ધોરણ ૯ થી શાળાઓ શરૂ કરાતાં પેપોળ ગામમાં ધોરણ ૯ નો વર્ગ શરૂ કરાયો હતો.જેમા ધોરણ ૯ ના પ્રથમ દિવસે ૩૩ માંથી ૨૦ વિધાર્થી ઓ શાળામાં હાજર રહ્યા હતા.

ગામના દાતા અભેરાજભાઈ રતુભાઈ.ગોળ, તથા રમેશભાઈ માવજીભાઈ પરમાર દ્વારા વિધાર્થીઓ ને ગણવેશ, નોટબુક,બોલપેન ભેટ આપીને વિધાર્થીઓ ને આવકારવા આવ્યા હતા.



### ગઢ તાલુકાના કુંભાસણ મંડળના ગામોમાં


## રામ મંદિર નિર્માણ અભિયાન અંતર્ગત વિશાળ સંખ્યામાં યુવાનો સાથે બાઈક રેલી યોજાઈ

આજ રોજ શ્રી રામમંદિર નિર્માણ અભિયાન અંતર્ગત ગઢ તાલુકાના કુંભાસણ મંડળ માં આવતા ગામો માં યુવાનો સાથે બાઈક રેલી યોજાઈ હતી.

આકેસણ (મહાદેવ મંદિર) થી શરૂઆત કરીને વેડંચા હોડા સલેમપુરા કુંભાસણ કુંભલમેર (મહાદેવ મંદિરે)સમાપ્તિ કરવા માં આવી હતી. જેમાં વિશાળ સંખ્યા માં યુવાનો બાઈક સાથે તેમજ સોળ ગામ લેઉઆ પાટીદાર સમાજ ના પ્રમુખ અને બનાસકાંઠા જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમુખ રમેશભાઈ પટેલ (આર.એમ. પટેલ), રાષ્ટ્રીય સ્વયસેવક સંઘ ના કાર્યકર્તા રાકેશભાઈ ચૌધરી, બળવંતસિંહ, કાંતિભાઈ મોતીભાઈ પટેલ તેમજ વિશાળ સંખ્યા મા યુવાનો હાજર રહ્યા હતા.

ઈંધણનો કરકસરથી ઉપયોગ કરીએ રાષ્ટ્રને સમૃદ્ધ બનાવીએ

**પ્રમુખ પેટ્રોલિયમ**



પેટ્રોલ, ડીઝલ અને સી.એન.જી. પંપ

જીતુભાઈ પટેલ

કમલેશભાઈ પટેલ

બીબીપુરા, તા. બાયડ, જિ. અરવલ્લી